Extra No. 260

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] THURSDAY, JULY 17, 2025 / ASADHA 26, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબ.**

File No. KHD/MAG/e-file/450/2025/1796/MAG BRANCH.-નડીઆદ-મોડાસા લાઈન પર ફાટક ક્રમાંક નં.૪ ને સમારકામ કરવાના કામે બંધ રાખી સદર ફાટક પરથી પસાર થનારા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉકત ફાટક પરના ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઈવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિનિયર સેક્શન ઈજનેરથી (વર્કસ), નડિયાદ, વે.રેલ્વેનાઓએ તેઓના તા.૧૬/૦૬/૨૦૨૫ ના પત્ર No. W/256/1 થી અત્રે દરખાસ્ત કરેલ છે, જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉક્ત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/રેફાનં-૪/૪૯૯/૨૦૨૫. તા.૨૩/૦૬/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. સિનિયર સેકશન ઈજનેરશ્રી (વર્કસ), નડિઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ.. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૬/૨૦૨૫ ક.૦૮-૦૦ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સ.ક.૦૮-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપરવાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

**(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો :-**

1. નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તા થી કમળા ચોકડી તરફ મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે ફાટક નંબર-૪ થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.
2. કમળા ચોકડી થી મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે ફાટક નંબર-૪ થઈ નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તા તરફ જતો તમામ વાહન વ્યવહાર.
3. સંત અન્ના ચોકડી નડીયાદ થી મીલ રોડ ત્રણ રસ્તા થઈ કમળા ચોકડી તરફ મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે ફાટક નંબર-૪ થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

**(B) ઉપરોક્ત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-**

1. નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તા થી કમળા ચોકડી તરફ મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે હાટક નંબર-૪ થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર

- નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તા થી કપડવંજ-મહુધા રોડ તરફ સંત અન્ના ચોકડી, એસ.આર.પી. કેમ્પ, ગણેશ મંદિર ચોકડી થી ડાબી બાજુ વળી મંજીપુરા ચોકડી, કમળા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

2. કમળા ચોકડી થી મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે ફાટક નંબર-૪ થઈ નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- કમળા ચોકડી થી ડાબી બાજુ વળી મંજીપુરા ચોકડી, ગણેશ મંદિર ચોકડી થી જમણી બાજુ વળી, એસ.આર.પી. કેમ્પ, સંત અન્ના ચોકડી, મીલ રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

3. સંત અન્ના ચોકડી નડીયાદ થી મીલ રોડ ત્રણ રસ્તા થઈ કમળા ચોકડી તરફ મહીલા આર્ટસ કોલેજ પાસે આવેલ રેલ્વે ફાટક નંબર-૪ થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- સંત અન્ના ચોકડી નડીયાદ થી કપડવંજ રોડ તરફ એસ.આર.પી. કેમ્પ, ગણેશ મંદિર ચોકડી થી ડાબી બાજુ વળી મંજીપુરા ચોકડી, કમળા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિત માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા રેલ્વે વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે. ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા નડીઆદ, તા.૨૩મી જુન, ૨૦૨૫.

**જે. બી. દેસાઈ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

---

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.07 19:12:16 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara